R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-23 • ISSUE: 17 DATE: 26-04-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## સાઉથ સુદાનમાં ચાલી રહેલ આંતરિક સંઘર્ષ જાતિ નિકંદનનો રેકોર્ડ તોડશે ?

હ્યુમન રાઈટ્સ એક્ટીવીસ્ટો દ્વારા આ બાબતે ગંભીર રીતે જણાવાયું હતું કે સાઉથ સુદાનમાં સત્તા મેળવવા માટે ચાલી રહેલો સંઘર્ષ જાતિ નિકંદનની હદ પાર કરી દેશે તેવું જણાઈ રહ્યું છે. હજારો લોકો મરી રહ્યા છે.સરકાર અને સરકાર વિરોધીઓ વચ્ચે ચાલી રહેલ લોહીયાળ સંઘર્ષમાં લોકોનો કચ્ચરઘાણ નિકળી રહ્યો છે.હિંસાચાર માં પ્રેસિડેન્ટ સલવા કીર અને તાજેતરમાં પદભ્રષ્ટ કરાયેલ વાઈસ પ્રેસિડેન્ટ રીક મેચરના ટેકેદારો સંડોવાયેલા છે.જેમને ડીન્કા અને નુર નામે ઓળખવામાં આવે છે.અને તેઓ જાતિ નિકંદન કાઢી રહ્યા છે.રેવાન્ડામાં જે રીતે જાતિ નિકંદનમાં ૧૯૯૪માં આઠ લાખ લોકોની હત્યા કરી દેવાઈ હતી તેજ પ્રમાણે સુદાનની પરિસ્થિતિ છે.

યુ એન.ના એક પદાધિકારીના જણાવ્યા પ્રમાણે તેઓને ૩૪ શબોને એક સાથે એક કબરમાં દફનાવેલા બિનટીયુમાં મળ્યા હતા.બીજા એક યુએન પદાધિકારીએ જણાવ્યું હતું કે બીજી બે કબરો મળી આવી હતી જેમાં ૧૪ અને ૨૦ શબો દફનાવેલા મળ્યા હતા.આ બાબતે ધિન્કાના સોલ્જરોને જવાબદાર લેખવામાં આવ્યા હતા.બીબીસીના જણાવ્યા પ્રમાણે જુબામાં, કે જે દેશનું પાટનગર છે,ત્યાંથી જાણવા મળ્યું હતું કે ૨૫૦ વ્યક્તિઓને એક લાઈનમાં ઉભા રાખીને ગોળી મારી દેવાઈ હતી જે પૈકીના એક બચી ગયેલા વ્યક્તિએ આ નિવેદન આપ્યું હતું.જો કે ૨૫૦ વ્યક્તિઓ પૈકી ૧૨ જણા ગંભીર ધાયલ થયા હતા તે બચી જવા પામ્યા હતા.પીલાયના જણાવ્યા પ્રમાણે હજારો નાગરિકોને ખોટા બહાના હેઠળ એન્કાઉન્ટર કરી દેવાયા છે.જેમને જબરજસ્તીથી પકડવામાં આવ્યા હતા.હજુ પણ કેટલાક લોકોને ધરપકડ કરીને ક્યાં લઈ જવાયા છે તે જાણમાં આવતું નથી.

બે સંગઠનો ધિન્કા અને નુર નામે પ્રચલિત છે તેઓ વ્યક્તિઓને વફાદારી કોની તરફ છે તેની પુછપરછ પછી તેને મારી નાંખવામાં આવે છે.યુએન સીક્યુરીટી કાઉન્સીલ તરફથી તાજેતરમાં બીજા ૫૫૦૦ ટ્રુપને ત્યાં મોકલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેથી લોકોની થતી હત્યાઓ રોકી શકાય.આ ટ્રુપ ત્યાં હાલમાં કાર્ય કરી રહેલ અન્ય યુ.એન. ટ્રુપ સાથે શાંતિ સ્થાપવામાં જોડાઈ જશે.જો કે સેક્રટરી જનરલ બાન કી મુને જણાવ્યુ હતું કે અમો પ્રત્યેક નાગરિકને સલામતી બક્ષી શકીએ નહી.આ વિસ્તારમાં મિલટરી મોકલવી અને શાંતિ સ્થાપવી એ સોલ્યુશન નથી.આપણે સાઉથ સુદાનના નેતાઓને શાંતિ સ્થાપવા માટે અપીલ કરી શકીએ છીએ.હજારો લોકો યુએન બેઝ રેફ્યુજી છાવણીઓમાં આશરો લેવા હિજરત કરી રહ્યા છે. જો કે કીર જેઓ પ્રેસિડેન્ટ છે તેમણે જણાવ્યું હતું કે આપણે હિંસાનો અંત લાવવો જોઈએ.તેમણે તેમના દેશને યાદ અપાવતા જણાવ્યું હતું કે હજારો નિર્દોષ લોકોની હત્યા થઈ રહી છે.જેથી તાત્કાલિક આ હિંસાચારને રોકવો જોઈએ.

હાલમાં લોકો એકબીજાની હત્યા કરી રહ્યા છે કારણકે તેઓ તેમની વિરુધ્ધની જાતિના છે.આ પરિસ્થિતિ આખા દેશને બરબાદ કરી દેશે.સુદાનને ૨૦૧૧માં સ્વતંત્રતા મળી હતી અને વિશ્વમાં તે સૌથી વધુ ઓછી ઉમરની સ્વાતંત્રતા ધરાવતો દેશ છે.

## ત્રણ હજાર સીરીયન ખ્રિસ્તીઓ આર્મેનીયન સરહદી ગામમાં હિજરત કરી ગયા

એક આર્મેનીયન સીરીયન પાસ્ટરે જણાવ્યા મુજબ તેઓનુ કુટુંબ કીસાબનું છે, જે સીરીયાની પુર્વ સરહદ જે ટર્કીની સાથે જોડાયેલી છે.તેમણે સીરીયન પ્રાંતમાં જીહાદીઓએ કબજો મેળવી લેતા તેઓને આ વિસ્તારમાંથી હિજરત કરવી પડી છે.

આર્મેનીયન ક્રિશ્ચિયન ટાઉન ખાતેથી શરુઆતમાં લડાઈ થઈ હતી.વર્લ્ડ વોચ મોનીટરના પત્ર મુજબ લડાકુ જેઓ અલ નુસરા ફ્રંન્ટ અને ઈસ્લામીક સ્ટેટ ઓફ ઈરાક અને શામ ગ્રેટર સીરીયાના છે તેઓ નોર્થ વેસ્ટ સીરીયાના વિસ્તારોમાં દાખલ થયા છેઅને આ વિસ્તારનો કબજો લઈ લીધો છે. કીસાબ જે મેડીટેરીયન થી ૧૦ કી.મીની દુરી પર આવેલ છે.અને તે સીરીયાના પુર્વ તરફના દરિયા કિનારા પર આવેલ સ્થળ છે.આર્મેનીયન



પાસ્ટરના જણાવ્યા પ્રમાણે જ્યારે અલ કાયદા સાથે જોડાયેલ લડાકુઓએ અહીયા કબજો જમાવ્યો,ત્યારબાદ ૬૫૦ જેટલા કુટુંબો એટલે કે તેમાનાં ૩૦૦૦ વ્યક્તિઓ આસ્થળ છોડીને પહાડોમાં ચાલ્યા ગયા છે તો શરણાર્થી કેમ્પ જે કોસ્ટલ સીટી લટાકીયામાં આવેલ છે ત્યાં આશરો લેવા ચાલ્યા ગયા છે.આ સ્થળ કીસાબથી ૫૦ કી.મી.ના અંતરે આવેલ છે.હવે જે લોકો પોપર્ટી સાચવવા માટે ત્યાંજ રહી ગયેલ છે તેમનું શું થયું તે જાણવા મળ્યું નથી.આર્મેનીયન મીડીયાના જણાવ્યા પ્રમાણે ૮૦ જેટા લોકો વિરોધ કરતાં માર્યા ગયા છે.

## સાઉથ સુદાનના ચર્ચ લિડરોએ ચાલી રહેલ હિંસાચારનો વિરોધ કર્યો

સાઉથ સુદાનના ચર્ચ લીડરોએ તેમને ત્યાં ચાલી રહેલ હિંસાચાર બાબતે દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તેમના દેશમાં હિંસાનો માર્ગ છોડીને લોકો શાંતિ સ્થાપવા પ્રયત્ન કરે તે જરુરી છે.સાઉથ સુદાન કાઉન્સીલ ઓફ ચર્ચીસ દ્વારા સરકારને એક પત્ર આ બાબતે લખાયો હતો અને તેમાં હાલની ગંભીર પરિસ્થિતિમાં કાયદો અને વ્યવસ્થાની કથળી ગયેલ સ્થિતિમાં સામાન્ય નાગરિકની સલામતી બાબતે ગંભીર પગલાં લેવા ભલામણ કરી હતી.

પ્રેસિડેન્ટ સલવા કીર અને ભુતપુર્વ ડેપ્યુટી રીક મેચરના ટેકેદારો વચ્ચે સત્તા માટે ફાટી નિકળેલ હિંસાચારમાં ૫૦૦ થી વધુ લોકો હિંસાનો ભોગ બન્યા હતા.સરકાર દ્વારા શાંતિ સ્થાપવાના કોઈ પ્રયત્ન ફળ્યા નથી.૨૦૧૧માં સુદાનને સ્વતંત્ર જાહેર કર્યા બાદ રાજકીય અસ્થિરતા દેશમાં વ્યાપી ગઈ છે. બે જુથો સત્તા માટે વર્ષોથી સંઘર્ષ કરી રહ્યા છે.મીડીયા રીપોર્ટમાં જણાવાયું છે કે દેશ જાતિવાદી લડાઈમાં ખુંપી ગયો છે.પ્રેસિડેન્ટ ધિન્કા ના સિપાઈઓ નુરના ટેકેદારોને શસ્ત્ર વગરના કરવા ઝુંબેશ ચલાવી રહ્યા છે.પરંતુ આર્મીના મુખ્ય મથક પર હુમલા થઈ રહ્યા છે.હિંસાચાર સમગ્ર દેશમાં વ્યાપી ગયો છે.અને સરકારે સ્વીકારી લીધું છે કે તેમના હાથમાંથી કંન્ટ્રોલ જતો રહ્યો છે.જેથી હજારો લોકો યુએન બેઝમાં શરણાર્થી તરીકે ચાલ્યા જવાનું સ્વીકાર્યું છે.

પત્રમાં લખવામાં આવ્યું છે તે મુજબ આ લડાઈ એ વર્ગ વિગ્રહની કે જાતિ જાતિ વિરુધ્ધની નથી પરંતુ આ તો રાજકીય સત્તા મેળવવાની લડાઈ છે.રાજકીય મતભેદને કારણે આ લડાઈ ચાલી રહી છે.સુદાન પીપલ્સ લીબ્રેશન મુવમેન્ટ પાર્ટી અને પોલીટીકલ લીડર્સ, રીપબ્લીક ઓફ સાઉથ સુદાન વચ્ચે છે.ચર્ચના નેતાઓએ ધિન્કા અને નુરના સભ્યોને જણાવ્યું છે કે તેઓ આ વાતનો સ્વીકાર ના કરે કે આ લડાઈ વર્ગ વિગ્રહ કે જાતિ જાતિ વિરુધ્ધની છે, આ લડાઈ તો રાજકીય છે. પરંતુ તેને જાતિ જાતિની લડાઈ કહીને અલગ રુપ આપવાનો પ્રયત્ન્ થઈ રહ્યો છે. આ પત્ર માં સહી કરનાર આર્ચબિશપ ડેનીયલ ડેન્ટ બુલે અપીલ કરી છે કે સરકાર સામાન્ય નાગરિકોનું રક્ષણ કરે અને નિર્દોષ લોકોની હત્યા થતી અટકાવે.જાતિના આધારે વ્યક્તિગત થતી સતાવણી,પજવણી,હિંસાને રોકવામાં આવે,અમો આવા કૃત્યને વખોડીએ છીએ અને હજુ આશા રાખીએ છીએ કે વધુ માનવજીવન નષ્ટ થતા અટકાવવામાં આવે.ચર્ચ નેતાઓ ન્યાય માટે પોકાર કરી રહ્યા છે.બેઉ રાજકીય પક્ષો વચ્ચે સમાધાન થાય,તેમજ ઈન્ટરનેશનલ સમુદાય આ બાબતે યોગ્ય કાર્યવાહી કરે અને પગલાં ભરે.અમો રાજકીય નેતાઓ દ્વારા ધિક્કારાત્મક અને હિંસા ફેલાવે તેવા ભાષણો નહી કરવા માટે વિનંતી કરીએ છીએ તેમજ બેઉ પક્ષોના લોકો વચ્ચે વાટાઘાટો યોજાય અને ઝડપથી શાંતિ સ્થપાય તેવું ઈચ્છીએ છીએ.આ શાંતિ અપીલ વર્લ્ડ કાઉન્સીલ ઓફ ચર્ચીસ ની સેન્ટ્રલ કમિટિની ચુંટણીમાં નવા મોડરેટર ચુંટાયા બાદ તરત જ કરવામાં આવી હતી.જેમાં સાઉથ સુદાનની સરકારને જે જણાવવામાં આવ્યુ હતું કે નેલ્સન મંડેલા દ્વારા સ્થાપવામાં આવેલ સિધ્ધાંન્તોને ઉજાગર કરવામાં આવે અને હિંસાનો ત્યાગ કરવામાં આવે.જ્યારે આપણે નેલ્સન મંડેલાને હમણાં જ કાયમની શાંતિ માટે કબરમાં સુવડાવ્યા છે અને આપણે તેમના જીવન દ્વારા માફી આપવાની પ્રક્રિયાની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે આપણે સુઝબુઝથી સમાધાન કરીએ,ન્યાયની સ્થાપના કરીએ,સ્વાતંત્રતાની સ્થાપના કરીએ,અને સાઉથ સુદાનને એક દાખલા તરીકે બનાવીએ એવુ ડો આગ્નેસ એબુઓમે જણાવ્યું હતું.સાઉથ સુદાનને તેના વિકાસ માટે હજુ ઘણુ બધુ કરવાનું બાકી છે.લોકશાહીની સ્થાપના કરવાની છે. તે પાર પાડીએ.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

લોકસભાની ચુંટણીમાં આજકાલ રોડ શોની બોલબાલા છે.મોટા ભાગની તમામ ઈલેક્ટ્રોનીક ચેનલો પર રોડ શો અને તેમાંય ભાજપના રોડ શોને વધારે પબ્લીસીટી આપીને દેખાડાય છે.એ પરથી એવું તો લાગે જ કે કેટલીક ચેનલોને ભરપુર નાણાં મળ્યા છે.જાહેર પબ્લીસીટી માટે ખાનગીમાં લેવડદેવડ થઈ હોવાની શંકા મજબુત થાય છે.ભુતકાળમાં કેજરીવાલે ઈલેક્ટ્રોનીક મીડીયા ઉપર આક્ષેપ કરેલો કે કેટલીક ચેનલો વેચાઈ ગઈ છે.તેમાં કંઈક તથ્ય હતું. પરંતુ મીડીયાની સામે પડવામાં બધી બાજી બગડી જાય તેમ હતી તેથી તેમણે તેમના સ્ટેટમેન્ટને તોડી પાડ્યું.અને મીડીયાના રોષની બચ્યા.રોડ શો કરવામાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ પાછળ નથી. વારાણસીમાં આમ આદમીના અરવિંદ કેજરીવાલ અને અમેઠીમાં કોંગ્રેસના ઉમેદવાર રાહુલ ગાંધીએ પણ રોડ શો કર્યા.રોડ શો કરવા માટે જંગી નાણાંનો ખર્ચ થાય છે.જેટલી વધારે મેદની એકત્રીત કરવામાં આવે તેટલો વધારે ખર્ચ થાય. ભારતીય જનતા પાર્ટીએ ચુંટણીની જાહેરાત થાય તે પહેલાથી જ ચુંટણી પ્રચાર ચાલુ કરી દીધો હતો. આ વખતે વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને જીતાડવા માટે આર એસ એસે એડી ચોટીનું જોર લગાવી દીધું છે. ભાજપ તો માત્ર ને માત્ર તેમનો મુખૌટો છે.તેથી ચુંટણી પહેલા ખર્ચાયેલ જંગી નાણાંનો હિસાબ ચુંટણી પંચને આપવો ના પડે તેવી તેમની તૈયારી રુપે ચુંટણી જાહેરાત થતાં પહેલા તેમણે બધી તૈયારી કરી નાંખેલી.

ભારતીય જનતા પાર્ટી દ્વારા જે રીતે ચુંટણીમાં નાણાં ખર્ચવામાં આવી રહ્યા છે તે મુજબ કાળા નાણું બેફામ વપરાઈ રહ્યું છે.ભાજપ અને તેમના સહયોગી જેવો ખાસ વિદેશમાં કાળા નાણાં પગ કરી ગયા છે તેના માટે ઉહાપોહ કરે છે તેમને પ્રશ્ન પુછવાનું મન થાય છે કે હાલમાં દેશમાં ચુંટણીમાં જે કાળા નાણાંનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે તેનુ શું ? બાબા રામદેવ અને બીજા કેટલાક સાધુઓ આ બાબતે ભુતકાળમાં ખુબજ ઉહાપોહ કરી રહ્યા હતા તેઓ આજે આ બાબતે શું કહેશે ? ધર્મના નામે ભાજપે જે કંઈ કર્યું તે લીલા કહેવાય અને બીજા કોઈ ધર્મના નામે કંઈક સત્ય કહે તો તેને પાપ કહેવાય દોહરા માપ કેમ ભાજપ ચલાવે છે.સત્તા મેળવવા માટે તમે યેન કેન પ્રકારે આચાર સંહિતાનો ભંગ કરી રહ્યા છો અને બીજાઓને ભાંડો તે કેમ ચાલે ?

ચુંટણીમાં સહુકોઈને પોતાના માટે મત અંકે કરવાની મનાઈ નથી પરંતુ કોઈ એક તેનો ગેરલાભ લે અને બીજાને અટકાવે તે પણ વ્યાજબી નથી.ખેર,આ ચુંટણીમાં અનેક જુઠ્ઠાણાઓનો પર્દાફાશ થયો છે કોણ કેટલું જુઠ્ઠુ બોલી શકે છે તે તટસ્થ રીતે જોતા સાબિત થાય છે. પરંતુ કેટલાક રાજકારણીઓની ચામડી મગરમચ્છ જેવી છે.તેમને તેમના જુઠ્ઠાણા બાબતે કોઈ શરમ નથી. લોકો માટે રચાતી સરકાર જેવી વાહિયાત વાતો લોકશાહી માટે શરમ બની ગઈ છે.લોકો સત્તા અને પૈસા માટે ગમે તેમ કરી શકે છે.ગમે તે હદે જઈ શકે છે.વ્યક્તિગત રીતે નીચા દેખાડવા માટે ગમે તે કક્ષાએ નિંદા કરી શકે છે.અને ભવિષ્યમાં ઉભા થનારા શત્રુને કોઈપણ હિસાબે ડામી દેવા માટેનું કામ થઈ શકે છે.

અનુ. પાન નં. ૪ નુ ચાલુ

અભાવ છે તે હંમેશાં દુઃખી છે.મનને કાબુમાં રાખવુ એ ખાંડાના ખેલ જેવું છે. એકદમ ઉચ્છંખલ ઘોડાને પળોટવા બરાબર ગણાય છે. જો તે કાબુમાં ના રહે તો આપણને નુકશાન કરી શકે છે, તેથી તે સાવધાનીથી કરવુ પડે છે.મનને વશમાં રાખવામાં જો સહેજ ચુક થાય તે એના માઠા પરિણામ આવતાં હોય છે.

સંયમથી લડાઈ-ઝગડા થતા નથી.વેર વધતુ નથી.જ્યાં વિવાદ છે ત્યાં સંયમ હોતો નથી.સંયમ વિનાની જીંદગી એ કિનારા વિનાની નદી જેવી છે.એવી નદીનુ પાણી ક્યારે ક્યાં જાય તે કહેવાય નહી.જ્યાં કિનારો હોતો નથી ત્યાં આફત હોય છે.જેનુ મન ભટકતુ હોય છે, ત્યાં અશાંતિ જ હોય છે.સંયમ આ બધાનુ ઓસડ છે. સંયમ એ વહેતો પ્રવાહ છે. સંયમ સફળતાની કુંચી છે.માણસના વિકાસના પાયામાં સંયમ છે. કાકાસાહેબ કાલેલકરે કહ્યુ છે કે 'સંયમ દ્વારા માણસની અનુભવ શક્તિ વધે છે.દરેક પ્રકારનુ સામર્થ્ય વધે છે.સારાસારનો ભેદ સમજવાની સુક્ષ્મ બુધ્ધિ વધે છે અને માનવજીવન સફળતા સુધી પહોચે છે.સંયમમાં જ જીવન સાફલ્યની પરાકાષ્ઠા છે. '

ડૉ.કિશોરસિંહ સોલંકી (સૌ. સંદેશ)


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# સ્વાર્થ સિવાય આ જગતમાં કશું જ નથી.

માણસ કરતાં માણસનો સ્વાર્થ મોટો હોય છે.કોઈની સાથે કોઈ શા માટે જોડાય ? ઘણી વખત આપણે સાંભળીએ છીએ કે માણસ મારો છે. ખરેખર તો માણસ મારો નહી, સ્વાર્થનો હોય છે.જ્યાં સુધી તમારી સાથે એનો સ્વાર્થ હશે ત્યાં સુધી તે તમારી સાથે જોડાયેલો રહેશે.સ્વાર્થ પુરો થયો પછી હું કોણ અને તું કોણ ?ક્યારેક એવું થાય છે કે સ્વાર્થ જ માણસને જોડે છે. ક્યારે જ એવો દાખલો મળે કે,આપણી સાથે સ્વાર્થ સિવાય કોઈ જોડાયેલુ મળે છે.મારે જો કોઈ તમારો સ્વાર્થ નહોય તો હું તમોને શા માટે બોલાવું ? અથવા તમારી સાથે શા માટે સબંધ રાખુ ?કેટલાક ગણતરી કરનારા લોકો તો એવા હોય છે કે પોતાના સ્વાર્થ જેટલો જ સબંધ રાખતા હોય છે.આપણી સંસ્કૃતિમાં વહેચીને ખાવાની ભાવના રહેલી છે.ઋવેદમાં કહ્યું છે કે જે એકલો ખાય છે એ માત્ર પાપને જ ગ્રહણ કરે છે.માણસે પોતાની જાતે ઊંચે ઉઠવાનું છે. જે આપણને જ્ઞાન કે ધન આપી શકતો નથી એને આપણી વચ્ચે રહેવાનો અધિકાર નથી.ઋવેદમાં આવે છે કે ક્યારેક આપણો એકદમ નજીકનો મિત્ર પોતાના સ્વાર્થ ખાતર દુશ્મન બની જતો હોય છે.જેના સબંધો માત્ર સ્વાર્થ પુરતા જ છે એ સબંધો કાયમી હોતા નથી.વેદવ્યાસે મહાભારતના શાંતિપર્વમાં કહ્યું છે કે ક્યારે ક્યારેક સમયના ચક્રમાં મિત્ર શત્રુ બની જાય છે અને શત્રુ પણ મિત્ર બની જાય છે.કારણકે સ્વાર્થ બળવાન છે.જે છે એ સ્વાર્થ છે. સ્વાર્થ જ શક્તિશાળી બની રહે છે.ઉપર નોધ્યું એ પ્રમાણે મારે જો કોઈ સ્વાર્થ ન હોય તો હું તમને શા માટે બોલાવું ?અશ્વઘોષે સૌદરનન્દમાં એજ વાત કરી છે કે સ્વજન શત્રુ બની જાય છે અને પારકા પોતાના બની જાય છે એવું દેખાય છે.કાર્યવશ જ લોકો સ્નેહ પણ કરે છે અને તોડે પણ છે.સ્વાર્થ માટે માણસ સબંધ તોડતાં એક ક્ષણનો પણ વિચાર કરતો નથી.આજના સમયમાં તો એક હાથે આપો અને બીજા હાથે લો, એવી રીતરસમ બની ગઈ છે.

સ્વાર્થ એટલે પોતાની મતલબ,પોતાનું હિત, એવો અર્થ થાય છે.એક સુભાષિતમાં કહેવાયું છે કે ઉત્તમ સેવા છે.સ્વાર્થ ત્યજીને સેવા કરવી મધ્યમ સેવા છે. સ્વાર્થ સહિત સેવા કરવી એ કનિષ્ઠ સેવા છે કે જેમાં સેવાને નામે સ્વાર્થ સધાય છે.જે માત્ર પોતાનો સ્વાર્થ જુએ છે એ તકસાધુ છે.આપણે જાણીએ છીએ કે કેટલાક માલિકે પોતાના આશ્રિતો પ્રત્યે આદરભાવ રાખે છે.પણ એમનો એ ભાવ કાયમી હોતો નથી.દરેકને પોતાનો સ્વાર્થ હોય છે.બધા જ પોતાનું જ કલ્યાણ ઈચ્છે છે.બીજાનું જે થવાનુ હોય તે થાય, પોતાનું થવું જ જોઈએ.ગુજરાતીમાં કહેવત છે કે ભુવો ધુણતો હોય તો નાળિયેર તો ઘર તરફ જ નાખતાં હોય છે.બીજી પણ એક કહેવત છે, ઢીંચણ તો પેટ તરફ જ વળે છે.સ્વાર્થ જ માણસને પકડી રાખે છે. બધા જ લોકો પોતાના સ્વાર્થનું જ કામ કરતાં હોય છે.સ્વાર્થ સિવાય આ જગતમાં કશું જ નથી.સ્વજનો પણ સ્વાર્થના સગા હોય છે.એવા પણ દાખલા મળે છે કે પુત્ર પિતાને ખતમ કરી નાંખે છે.ભાઈ-ભાઈ વચ્ચેના સબંધો તો હવે રહ્યા જ નથી. સ્વાર્થ શું નથી કરતો ?બધા જ સ્વાર્થ સાધવા ચાહે છે.આપણે જાણીએ છીએ કે કેટલાક લોકો પોતાના સ્વાર્થ ખાતર પોતાનું સ્વાભિમાન વેચતાં અચકાતા નથી. જેની સાથે આપણો કોઈ સબંધ ન હોય, કોઈ જ પરિચય પણ ન હોય, એવા લોકો પોતાનો સ્વાર્થ હોય તો, ક્યાંયથીયને ક્યાંથી તાર જોડીને આપણી પાસે આવી જતાં હોય છે.આ સંસારમાં અનઆત્મીય લોકો પણ ધનિકોના આત્મીય બની જતા હોય છે.પરંતુ ગરીબ માણસને પોતાના કુટુંબી પણ સદાય દુર્જન જેવો વ્યવહાર રાખે છે.સ્વાર્થની ધરી ઉપર પૃથ્વી ફરે છે.સ્વાર્થનો વ્યાપ તો આકાશ કરતાં વિશાળ અને પાતાળ કરતાં પણ વધારે ઉંડો છે.આજે તો સ્વાર્થ જ સૌનો આધારસ્તંભ છે.આ આખુ જગત સ્વાર્થી છે.કોઈ કોઈનું પ્રિય નથી.સહોદર ભાઈની મિત્રતા અને પતિ-પત્નિની મિત્રતા પણ સ્વાર્થવશ છે.એનોઅર્થએથાય છેકેસ્વાર્થ સર્વત્ર છે. સ્વાર્થ નથી તો કશું જ નથી.

ચાણક્યનીતિ માં કહ્યું છે કે પક્ષી ફળ વિનાના વૃક્ષનો ત્યાગ કરે છે.સારસ વગેરે જળ -પક્ષી સુકાયેલા તળાવનો ત્યાગ કરે છે.પત્નીઓ નિર્ધન પતિનો ત્યાગ કરે છે.મંત્રી ભ્રષ્ટ રાજાનો ત્યાગ કરે છે.ભમરા જુના ફુલોનો ત્યાગ કરે છે.અને મૃગલા જે જંગલમાં આગ લાગી હોય તેનો ત્યાગ કરે છે.બધા જ લોકો પોતાના મતલબને ચાહે છે.અહી કોણ કોનો પ્રેમી છે ? આ એક સનાતન સત્ય છે જેની પાસેથી કશું જ મળવાની અપેક્ષા ન હોય, એની સાથે રહેવાનો કોઈ અર્થ ખરો ? બધા જ જીવો મતલબી છે.આપણે કહીએ છીએ કે જ્યાં ગોળનું દડબું હોય તો મંકોડા આવે જ. જ્યાં જેનો સ્વાર્થ સંધાતો હોય ત્યાં એ પહેલો જાય. આપણે આજના રાજ કારણીઓને ધિક્કારીએ છીએ, પણ એય પોતાનો સ્વાર્થ કોની સાથે રહેવામાં છે એ સારી રીતે જાણતા હોય છે.માણસ સ્વાર્થ માટે અંધ બની જાય છે અને ન કલ્પેલા પગલાં ભરે છે.સ્વાર્થની લીટી બહુ લાંબી છે,એમાંથી ભાગ્યેજ કોઈ બાકાત હશે.સ્વાર્થ પરમાર્થથી દુર રહેતો હોય છે.જે માણસ પોતાની મુરાદ પુરી ન થઈ હોય તે બીજાઓને ધોખામાં નાખે છે.માણસ પોતાનો નાનો સ્વાર્થ ત્યારેજ છોડે છે જ્યારે એની સામે મોટો સ્વાર્થ કોઈ રાખે છે. અને એ જાણીને એએની તરફ જતો હોય છે.માણસનો સ્વભાવ છે કે કંઈક વધારે મળે તો તરતજ બીજાના તરફ સરકી જાય છે.માણસ પોતાના સ્વાર્થમાં એટલો બધો ગળાડુબ બની જતો હોય છે કે એ આજુબાજુ જોઈ શકતો નથી.માણસ સ્વાર્થમાં જ્યારે બેબાકળો બની જાય છે ત્યારે બીજાનો કશો જ વિચાર કરી શકતો નથી.સ્વાર્થના ચશ્માથી એ બીજું કશું જ જોઈ શકતો નથી.રોશએ કહ્યં છે કે સમુદ્રમાં નદીઓ ખોવાઈ જાય છે એવી રીતે સ્વાર્થમાં સારાપણું ખોવાઈ જાય છે.

હેનરી વી ડાયકને કહ્યું છે કે સ્વાર્થ જ આત્માને કેદ કરવા માટે કારગત નીવડે છે.સ્વાર્થમાં માણસ પોતાના આત્માના અવાજને ખોઈ બેસે છે.જે સ્વાર્થી છે એને માન કે અપમાનનો પ્રશ્ન ઉભો થતો નથી.સ્વાર્થ માણસને આંધળો બનાવી દે છે.ઘણા લોકો પોતાના સ્વમાનના ભોગે કસું જ કરવા માટે તૈયાર હોતા નથી.સ્વમાન હણીને સોનાની લંકા મળતી હોય તે પણ ઠુકરાવી દેતા હોય છે.

ડો.કિશોરસિંહ સોલંકી (સૌ.સંદેશ)

મગરની જીભ તેના મોઢાના ઉપરના ભાગ સાથે જોડાયેલી હોય છે.તેને કારણે મગર ચાવવાની ક્રિયા કરી શકતોનથી.પરંતુ તેનો પાચનરસ એટલો શક્તિશાળી હોય છે કે તે લોખંડની વસ્તુઓ સુધ્ધાં પચાવી શકે છે.

દુર આ દુનીયાનું ચોથુ સૌથી બુધ્ધિમાન પ્રાણી છે.

ઈન્ડોનેશીયાના જંગલોમાં ટાગુઆન નામે ઓળખાતી બે ફુટ લાંબી ઉડતી ખિસકોલીઓ હજાર ફુટનું અંતર ઉડતા ઉડતા કાપે છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨


## આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા. પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫

૨.શ્રી ગીદીયોલ પોલ, મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ ૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬

રિશ્તા, નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩

આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

અનુ. પાન નં. ૪ ઉપર

# સીરીયાના હોમ સીટીમાં ડચ ખ્રિસ્તને કટ્ટરવાદીઓ દ્વારા ગોળી મારવામાં આવી



સીરીયાના હોમ સીટીમાં રહેતા એક ડચ પાદરી જેઓ ૧૯૬૬ની સાલથી અહીયા રહેતા હતા તેમને કટ્ટરવાદીઓ દ્વારા ગોળી મારી હત્યા કરવામાં આવી હતી તેવા બીબીસીએ રીપોર્ટ આપ્યા હતા.બીબીસીના રીપોર્ટ પ્રમાણે ફ્રાંન્સ વેન લુગ્ટે આ શહેર છોડી જવાની ના પાડી હતી.કારણકે અહીયા હજુ ઘણા બધા ખ્રિસ્તી કુટુંબો આ સ્થિતિમાં રહે છે.તેમની હત્યાની જાણકારી એએફપી ન્યુઝ એજન્સી ના જેન સ્ટુઅર્ટે આપી હતી. જેઓ સેક્રટરી,ડચ જેસ્યુએટઓર્ડર છે.તેમના કહેવા પ્રમાણે એક વ્યક્તિ વેન ડીર લેગ્ટના મકાનમાં ઘુસી આવ્યો હતો અને તેમને પકડીને મકાનની બહાર લઈ આવ્યો હતો અને ત્યાં તેમના માથામાં બે ગોળી મારવામાં આવી હતી.

આ ડચ પાદરી ૧૯૬૬ના વર્ષમાં સીરીયામાં આવ્યા હતા અને આ જ સ્થળને તેમણે પોતાનું વતન બનાવ્યું હતું.તેમણે ફેબ્રઆરીમાં એએફપીને આપેલ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે સીરીયાના લોકોએ મને ઘણુ બધું આપ્યું છે.તેઓ ખુબજ મારાપ્રત્યે માયાળુ રહ્યા છે.તેમની પાસે જે કંઈ પ્રેરણાદાયી હોય તે તમામ બાબતો તેમણે મને આપી છે.જ્યારે સીરીયાનો લોકો ખુબજ કટોકટી ભર્યા સમયમાંથી અને મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યા હોય,તો હું તેમનું દુઃખ તેમની સાથે રહીને વહેંચવા માંગુ છું. તેઓ જેસ્યુએટ મોનાસ્ટરીમાં રહેતા હતા. જ્યાં તેમની સાથે બીજા ૨૪ ખ્રિસ્તીઓ પણ વસવાટ કરતા હતા.

આ લોકો હોમ્સમાં ગંભીર પરિસ્થિતિ હોવા છતાં રહેતા હતા.આ પહેલા ૧૪૦૦ લોકોને યુનાઈટેડ નેશન્સ દ્વારા આ શહેરની બહાર સલામત જગ્યાએ ખસેડવામાં આવ્યા હતા.વેટીકન પ્રવક્તા ફ્રેડરીકો લોમ્બારડીએ મી.વેન ડીર લુગ્ટને શ્રધ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે મી.વેન ડીર લુગ્ટ એ શાંતિના પ્રતિક સમા હતા.તેઓ જ્યાં સુધી સીરીયાની ધરતી પર જીવ્યા ત્યાં સુધી ગમે તેવી આફતો,મુશ્કેલીઓમાં તેઓ આ ધરતી પ્રત્યે હંમેશા વફાદાર રહ્યા

શાર્કનું આયુષ્ય ૧૦૦ વર્ષ કરતાં વધુ હોય છે.
માછલીની આંખો પર પાંપણ હોતી નથી.
કાકાકૌઆ તેની કલગીનો ઉપયોગ એકબીજાને ઈશારો કરવા માટે કરે છે.

# ભુતાનમાં બે પાસ્ટરોને કોઇપણ ગુના વગર જેલમાં ધકેલાઇ દેવાયા

દક્ષિણ ભુતાનના વિસ્તારમાં બે ખ્રિસ્તી પાસ્ટરોને કોઈ પણ જાતના ગુના વગર એક માસ જેલમાં પુરી રાખવામાં આવ્યા હતા.પોલીસે એમ.બી.થાપા(અકા લોબઝંગ) અને તનડીન વેનગલ,ખાપદાની વિલેજ,સમસ્તી ડીસ્ટ્રીકમાં માર્ચ ૫ ના રોજ પકડ્યા હતા.મીનીસ્ટર ઓફ હોમ એન્ડ કલચરલ એફેર્સ, ડેમચો દોરજીએ તાજેતરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે આ બે પાસ્ટરો જાહેરમાં પબ્લીક મીટીંગની રજામંદી સિવાય ધર્મપ્રચાર કરી રહ્યા હતા.પરંતુ આ વિસ્તારના પોલીસ ઓફીસરે હોમ મીનીસ્ટરના આક્ષેપો ખોટા હોવા જણાવ્યું હતું.

વેગંડીએ બીઝનેસ ભુતાનને જણાવ્યું હતું કે પોલીસે ઉલટ તપાસમાં આ બે પાસ્ટર અને તેમની સાથેના ત્રીસ ખ્રિસ્તી વ્યક્તિઓ ધર્મપ્રચાર કરી રહ્યા હોવાની ધારણા બાંધી હતી.પરંતુ તેમને આ બાબતે કોઈ પુરાવા મળ્યા નહોતા.તેવું વંગંડીએ જણાવ્યું હતું.પરંતુ તેમના આક્ષેપો સાચા ઠેરવવા માટે તેઓએ પરમીશન વગર જાહેરમાં મીટીંગ કરી હતી તેવું ઠરાવ્યું હતું.આ બે પાસ્ટરો હજુ પણ તેમના પર ઓફીસ ઓફ ધ એટોર્ની જનરલ દ્વારા ચાર્જીસ મુકવામાં આવે તેની રાહ જોઈ રહ્યા છે.એક ખ્રિસ્તી વ્યક્તિના ઘરના ઉદઘાટન પ્રસંગે આ લોકો એકઠા મળ્યા હતા.પરંતુ આ કારણોસર બીજા દિવસે આ ધરપકડ કરવામાં આવી હતી.

અહીનું બંધારણ દરેક નાગરિકને ધર્મ સ્વાતંત્રતા આપે છે.પરંતુ જબરજસ્તીથી કોઈનું ધર્મપરિવર્તન કરવા માટેની છુટ કાયદામાં આપવામાં આવી નથી. તેવું દોરજી મીનીસ્ટરે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું.બીજી બાજુ એવું કહેવાયું છે કે આ લોકોએ ભેગા મળવા માટે સ્થાનિક સત્તાવાળાની પરમીશન લીધી નહોતી.જે પીનલ કોડ મુજબ ગુનો બને છે.જો તમે કાયદાનો ભંગ કર્યો છે તો ભલે તમે બુધ્ધિષ્ઠ હો,કે હિંદુ હો કે ક્રિશ્ચિયન હો,પરંતુ કાયદો તમારા ગુના માટે કામ કરશે.

પાસ્ટર વેન્ગલના કુટુંબે પ્રાઈમ મીનીસ્ટર ટીહરસીંગ તોબગેને અપીલ કરી છે કે આ કેસને વધુ પડતો લંબાવાય નહી પરંતુ તેનો ઝડપથી નિકાલ કરવામાં આવે. અમને એ ખબર પડતી નથી કે એવા કયા કારણો સર આ કેસને લંબાવવામાં આવી રહ્યો છે.તેવું પાસ્ટરની પત્નીએ મોર્નીંગ સ્ટાર ન્યુઝને જણાવ્યું હતું.તેણ ત્રણ બાળકોની માતા પણ છે.મોર્નિંગ સ્ટારે જણાવ્યા મુજબ એર્ટોની ઓફીસ હજુ પણ તપાસ કરી રહી છે. મને એ ખબર નથી પડતી કે શા માટે તપાસને વધુ પડતી લંબાવવામાં આવી રહી છે.વેગંડીએ કહ્યું હતું.તેમણે તપાસ પુરી કરી છે.અને રીપોર્ટ પણ આપી દીધો છે.પાસ્ટર થાપાના સબંધીએ આ કહ્યું હતું.

ભુતાનામાં સાત લાખ લોકોની વસ્તી છે.જેમાં ૧૯ હજાર ખ્રિસ્તીઓ વસે છે.પરંતુ તેઓ કાયદાકીય રીતે સ્થાપીત કોમ નથી.તેથી બંધ ઘરોમાચર્ચો ચાલે છે.પરંતુ તેમના બંધારણમાં સેકસન૪ અને આર્ટીકલ ૭ મુજબ બધાજ નાગરિકોને ધર્મ સ્વાતંત્રતાનો હક્ક આપવામાં આવ્યો છે.કોઈપણ વ્યક્તિનું જબરજસ્તીથી ધર્મ પરિવર્તન કરાવવું તે અપરાધ છે.

ખાસ કરીને ખ્રિસ્તી સમુદાય વેસ્ટન વિશ્વાસ ધરાવતા લોકો ગણાય છે.અને તેથી જેઓએ ખ્રિસ્તી વિશ્વાસ અપનાવ્યો છે તે તમામને શંકાની નજરે જોવામાં આવે છે.જુલાઈ ૩૧,૨૦૧૨માં સબ ડીવીજનલ ઓફીસર પ્રેમા વેંગડા,ગીલીફુ ટાઉન જે સાઉથન ભુતાનમાં આવેલ ત્યાં પ્રેમા શેરપા નામના પાસ્ટરને ખુબજ માર્યો હતો અને મારી નાંખવાની ધમકી પણ આપી હતી કારણકે તેઓ ખાનગીમાં ચર્ચ સર્વીસ ચલાવતા હતા.

ભુતાન રાજ્ય ખાસ્ કરીને તેમના દેશમાં બુધ્ધિઝમને વધારે મહત્વ આપે છે. અનો તેમના દેશની પોલીસીમાં પણ ખાસ મહત્વની ખુશીઓમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.જેથી ભુતાનની વિશ્વમાં આબરુ વધે માટે અને તેનો વિકાસ થાય માટે પણ તેઓ તેમના મહત્વ ધરાવતા ધર્મને મહત્વ આપે છે.

# ખ્રિસ્તી સંગઠનોએ પાલઘર સીટની ચુંટણીમાં ભાજપને ટેકો જાહેર કર્યો

વસઈ એક પોર્ટુગીઝ વસાહતમાંઆવતો વિસ્તાર છે અને ત્યાં વસતી મોટાભાગની ખ્રિસ્તીએ એનડીએના ઉમેદવાર ચિંતામન વેન્ગાને પાલઘર લોકસભાની સીટ પર ટેકો જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.ખ્રિસ્તી સંગઠનોએ આ બાબતનો નિર્ણય ઘણા વખત પહેલાંજ લઈ લીધો હતો.કારણકે બહુજન વિકાસ અઘાડી કે જે હિતેન્દ્ર ઠાકુરની નેતાગીરી હેઠળ અહીયા વર્ચસ્વ ધરાવે છે તેના દ્વારા ખ્રિસ્તી લોકોની ખુબજ સતાવણી કરવામાં આવે છે તેથી તેમને આ વખતે ચુંટણીમાં ટેકો નહી કરવાનો બધાજ ખ્રિસ્તી સંગઠનોએ સામુહિક નિર્ણય કર્યો હતો.આ નિર્ણય કરવામાં ખ્રિસ્તી સમાજના ૧૫ જેટલા સક્રિય સંગઠનોનો સમાવેશ થાય છે.આ સંગઠનોએ ભેગા મળીને વસઈ માઈનોરીટી ફોરુ નામના સંગઠનની સ્થાપના કરી છે.ગત સપ્તાહમાં યોજાયેલ એક પત્રકાર પરિષદમાં ભાજપના સ્થાનિક ઉમેદવાર સાથે આ સંગઠનના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે અમે એટલા માટે ભાજપને ટેકો આપવાનો નિર્ણય કર્યો છે કારણકે અન્ય પક્ષનું ગુંડા રાજ્ય આ વિસ્તારમાં ચાલી રહ્યું છે તેને નાબુદ કરવાનું છે.અમારે આ વિસ્તારને સલામત અને શાંત વિસ્તાર તરીકે સ્થાપવાનો છે.તેથી અમો ભાજપના ઉમેદવાર વેન્ગાને ટેકો આપવાના છીએ.

જેમણે વેન્ગાને ટેકો આપવાનું જાહેર કર્યું છે તેમાં વિજય મેચોડો,સ્વાભિમાની વસાઈકર સંસ્થા, જેક ગોમ્સ,જાગૃત્તિ યુવા સંઘ, કાયુસ ફર્નાડીઝ, એક પરિવાર સેન્ડોર,અને દિલિપ મેથાક,કોલી યુવા શક્તિ, કોલીવાડા ઈર્મજીંગ સ્ટોરી છે. હજુ આ બાબતે વધુ માહીતિ બહાર આવશે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨

# અપેક્ષા રાખીએ તો દુઃખી થવું પડે ને ?

આપણા જીવનમાં ઘણાખરા પ્રશ્નો આપણે સ્વંય સર્જેલા હોય છે.દુઃખી દેખાતા માણસના દુઃખનું કારણ તપાસવાથી ત્રણ અક્ષરનો એક શબ્દ તમારા હાથમાં આવશે ,અપેક્ષા. માણસ જીંદગીભર અપેક્ષાઓ વચ્ચે જીવે છે. એક યુની.ના કુલપતિને એમના નિકટતમ મિત્રએ પુછ્યુ , યાર આજકાલ તારા ચહેરા પર વ્યગ્રતાના ભાવો કેમ વર્તાય છે ? તું દુઃખી કેમ છે ? સાહેબનો ઉત્તર સાંભળો : હવે મારી ટર્મ પુરી થવાની. બીજું સત્ર મળે તે માટે ભરપુર કોશિશ કરુ છું.બધાને ખુશ રાખું છું. સૌના ચરણસ્પર્શ કરી ચુક્યો છું. પરંતુ મારુ સમ્રાટપદ લંબાય એવા કોઈ એંધાણ વર્તાતા નથી.અમેરિકાનો પ્રેસિડેન્ટ પોતાની ટર્મ પુરી થાય એટલે ફરીથી યુની.માં પ્રોફેસર બની જશે. ભારતના કુલપતિને રજવાડું છોડ્યા પથી પોતાની કોલેજમાં પ્રોફેસર તરીકે પુન : જોડાવવાનું મંજુર નથી. જીંદગી પોતાની રીતે વહેતી રહે છે.આપણને શુ મળશે અને શું નહી મળે એ નક્કી કરનારા પરિબળો અનેક છે.કર્મ કર્યા પછી ફળની અપેક્ષા ન રાખવાની સલાહ ભગવદ ગીતામાંથી આપણને મળેલી છે.છતાં પ્રત્યેક માણસ જાણ્યે-અજાણ્યે અપેક્ષાઓ રાખીને દુઃખી થતો રહે છે. અમેરિકામાં નુતન વર્ષની સાંજે મંદિરમાં દર્શન કર્યા પછી એક વરિષ્ઠ નાગરિકે મને જયશ્રી કૃષ્ણ કહીને પોતાની વેદના ઠાલવવાનું શરુ કર્યુ.ત્રણ મહિનાના પરિચય પછી અમારી વચ્ચે થોડીક આત્મીયતા બંધાઈ હતી. એટલે મારી સમક્ષ હૈયું ખોલવામાં એમને સંકોચ નહોતો થયો.એમણે કહ્યું : સાહેબ, જમાનો બદલાઈ ગયો છે. માણસોમાં નમ્રતા,વિવેક,શિષ્ટાચાર જેવું કંઈ રહ્યું નથી.મારો દિકરો પત્ની અને બાળકો સાથે અમદાવાદમાં રહે છે.નુતનવર્ષનો પહેલો દિવસ પુરો થઈ ગયો છતાં જયશ્રીકૃષ્ણ કહેવા પુરતો કે આર્શીવાદ માંગવા માટે એનો ફોન ન આવ્યો. મે એમને એકજ વાત કરી, અપેક્ષા રાખો તો દુઃખી થવું પડેને ? એમનો કે પુત્રવધુનો તમારા આર્શીવાદની જરુર નથી એમ સમજીને વાતને ભુલી જાઓ.હૃદયની ઉદારતા દાખવીને તમે સામેથી ફોન કરીને શુભેચ્છાઓ પાઠવો તો સારુ લાગશે.

અપેક્ષા ન સંતોષાવાથી દુઃખી રહેનારાઓની લાંબી યાદી છે.કોની કોની વાતો કરુ ?શાળા પ્રશાસનના કક્કો બારાખડી જેમને નથી આવડતા એવા એક મહિલા આચાર્ય શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવવા પાંચ વર્ષથી પોતાની ફાઈલ મુકતા હતા. અને અપેક્ષા ન સંતોષાવાથી દુઃખી થતા હતા. છેવટે એમના સંપર્કો કામ કરી ગયા એમનો એવોર્ડ મળી ગયો.અખબારમાં ફોટો છપાઈ ગયો. ઘર ભરાઈ જાય એટલા પુષ્પગુચ્છો ઉઘરાવી લીધા. હું ઈન્ડીયા આવ્યો પછી નુતન વર્ષ નિમિત્તે મળવા આવ્યા તો દુઃખી હતા. મે વિવેકપુર્ણ પુછી લીધું, બહેન વિષાદયોગ ચાલે છે ?શું કારણ છે ? એમનો ઉત્તર સાંભળો : મે રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મુકવા માટે ફાઈલ મુકી હતી. લાગવગથી એ એવોર્ડ બીજાને મળી ગયો.... આપણને દુઃખ તો થાય ને..સાહેબ. એક કૌભાંડીશાસ્ત્રી બી.એડ. સ્વનિર્ભર કોલેજના લાચાર, પુરતો પગાર ન મળવાથી ભુખે મરી રહેલા આચાર્યને કહેતા સંભળાયા : આ વર્ષે પણ તમે મને કોલેજમાં વ્યાખ્યાન આપવા ન બોલાવ્યો. હું ખુબ દુઃખી છું અને તમારાથી નારાજ છું.

અપક્ષા રાખનાર માણસોએ ઈતિહાસમાંથી બોધ ગ્રહણ કરવાની જરુર છે.મશહુર ફિલ્મ કલાકારો રાજેશ ખન્ના અને દેવાનંદ એક જ કારણથી દુઃખી રહેતા અને એમના અંતિમ વર્ષો ખુબ પીડાજનક રહ્યા.એમની અપેક્ષા શી હતી ? અમારો સુર્ય મધ્યાહ્નને તપતો હતો ત્યારે સિનેરસીકો અમારી પાછળ પાગલ હતા.અમે ઉડત પક્ષીઓને અમારી નજરના એક ઈશારે અમારા ચરણોમાં હાજર કરી દેતા હતા.ક્યાં વહી ગયા એ દિવસો ? વિતેલા વર્ષોને ફરીથી જીવવાની એમની અપેક્ષાઓએ એમને શાંતિથી મરવા યે ન દીધા.

માણસ જ્યારે અપેક્ષાઓ રચે છે ત્યારે જીવનમાં દંભ પ્રવેશે છે.અપેક્ષા સંતોષાય તે માટેના પેતરા રચાય છે.નોકરી મેળવવા માટે, બઢતી પામવા માટે,રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રથમ આવવા માટે,યુની. પરિક્ષામાં ગોલ્ડ મેડલ મેળવવા માટે, કે ડોકટરેટ ડીગ્રી ધારણ કરવા માટે માણસ બધું જ સર્મપિત કરવા તૈયાર થઈ જાય છે.આખેઆખો માણસ જીવતો વેચાઈ જાય છે.કારણકે અપેક્ષાઓને સંતોષવાની છે. એક પ્રોફેસર યુની.માંથી નિવૃતથયા તેના ત્રણ વર્ષ પુર્વે એક અપેક્ષા રચીને બેઠા હતા. કોઈ લેભાગુ સંસ્થામાં નિયામક બનીને બેસી જવું.પછી તો સ્વનિર્ભર સંસ્થાના માલિકની કદમબોશી શરુ થઈ.સાહેબ, આપ તો વિદ્યા જગતના ભગવાન છો. દેવતા છો.પુણ્યશાળી જીંદગી બનાવી રહ્યા છો.અધ્યાપકોના અન્નદાતા છો(પંદર હજાર આપીને પીસ્તાલીસ હજાર પર સહી લેનારા તો અન્નદાતા જ કહેવાય ને )સર, આ નાચીઝ બંદાનું પણ ધ્યાન રાખજો.અમારા પર રહેમનજર રાખજો.પ્રભુ, પ્રિય વાચકમિત્રો, સહેજ પણ અતિશયોક્તિ વગરની આ સત્ય ઘટનાઓ છે.જ્યારે આપણી અપેક્ષાઓ આપણી યોગ્યતા સાથે, આપણી પાત્રતા સાથે સુસંગત ન હોય ત્યારે અપેક્ષા પુર્ણ કરવા જાતને વેચી દેવી પડે છે.પરિણામ, અપેક્ષા સંતોષાય પછી પણ કાયમ દુઃખી રહેવાનું. અપેક્ષાઓ રચવાનો અર્થ જ એ છે કે તેને પુર્ણ કરનાર વ્યક્તિની શરણાગતિ સ્વીકારવી, તેમને તાબે થવું અને તેમને ખુશ રાખવા.ફિલ્મમાં રોલ મેળવવાની અપેક્ષા, ધારાસભા કે સંસદની ટીકીટ મેળવવાની અપેક્ષા, વડાપ્રધાન બનાવાની અપેક્ષા, આ બધી અપેક્ષાઓ માણસને કેટલી હદે સમાધાનો કરવા મજબુર કરે છે.આપણા સૌના અનુભવનો અને અવલોકનનો વિષય છે.

અપેક્ષાઓ રચીને દુઃખી થવાથી બચવાનો એક જ ઉપાય છે . જે પ્રાપ્ત કરવાની અને જેને પ્રાપ્ત કરવાની આપણાંમાં કાબેલિયત છે એ પ્રાપ્ત થાય તે માટે ઈમાનદારી પુર્વક પુરી નિષ્ઠાથી પ્રયત્નો કરવા. દંભ આચરીને કે કુપાત્રોની ખુશામદ કરીને કંઈ જ મેળવવાની અપેક્ષા ન રાખવી. જો અપેક્ષાઓ આપણી ક્ષમતાઓને સુસંગત હશે તો આપમેળે ફળિભુત થશે. આપણે તેને સેવવાની જરુર નથી.

લેખક : વિશ્વામિત્ર (સૌ.સંદેશ)

# મન દ્વિધામાં હોય તો સંયમ પાળી શકાતો નથી

માણસમાં જો નિર્ણયશક્તિન હોય, તે સંયમ પાળી શકતો નથી. સંયમ માટે દૃઢતા જોઈએ.ગાંધીજીએ કહ્યુ છે કે 'દુર્બળ મનનો માણસ સંયમ પાલન કરી શકતો નથી, પણ જેના મનમાં લગની હોય તે અભ્યાસથી સંયમ પાલન કરી શકે છે,અભ્યાસથી સંયમ પાલન એટલે મનની મજબુતાઈ,મન જો દ્રીધામાં હોય તો સંયમ પાળી શકાતો નથી. એક વખત કોઈ પણ કામ મનથી નક્કી થાય, પછી એમાંથી જે ડગતો નથી,કંઈ પણ થાય તોય જે પોતાની દીશામાં આગળ વધે છે એજ સાચો સંયમી 'અમુક વસ્તુ ખાવાની નથી, એવું નક્કી કર્યા પછી એ જ વસ્તુ સામે આવે અને જો મન લલચાય તો એનો અર્થ સરતો નથી.મહાત્માઓએ તો પોતાની ઈન્દ્રીયોને કાબુમાં રાખવાની વાત કરેલી છે.સુલેમાને કહ્યુ છે કે ' જેને ઈન્દ્રીયો વશમાં નથી એ દીવાલો પડી ગયેલા મકાન જેવો છે'જે મકાનને દીવાલો જ ન હોય, એને મકાન કેવી રીતે કહેવાય ?આપણી ઈન્દ્રીયોનુ પણ એવું જ છે. ઈન્દ્રીયો ઉપરનો કાબુ એ માણસની સિધ્ધિ ગણાય છે. જો ઈન્દ્રીયોને છુટો દોર આપવામાં આવ્યો હોય તો એનાં પરિણામો સારા આવતાં નથી.સારુ એ મારુ એવી ઈચ્છા રાખવી એ મુર્ખામી છે.બાઈબલમાં કહ્યુ છે કે 'દુરાચારીણી સ્રીના સોદર્ય પર ન તો પોતાના હ્રાદયને મુગ્ધ થવા દો કે ન તો પોતાની જાતને તેની ચંચળ દષ્ટ્રિનો શિકાર થવા દો' એનાથી દુર રહેવુ એમાં જ આપણુ હિત છે, નહિતર પતન તો નિશ્ચિત છે જ.

ચીનમાં કહેવત છે કે ' ઓછું ખાવ, લાંબુ જીવો ', આપણા બધાંજ શાસ્રો એકજ અવાજે કહે છે કે ભુખ કરતાં ઓછું ખાવ,જઠરને થોડુ ખાલી રહેવા દો. અકરાંતિયાની જેમ ખાઈને મોતને કે રોગને આમંત્રણ આપવુ જોઈએ નહી.આ બધુંજ હોવા છતાં આપણી જીભને જે સ્વાદ લાગે છે તે છુટતો નથી. ભોજન અને ભાષણમાં સંયમ રાખો.અતિ ભોજન અને અતિ ભાષણ બંને પ્રાણનો તરત જ નાશ કરે છે. ગુજરાતીમાં કહેવત છે કે 'જે વધારે ખાય તે લુખ્ખુ અને વધારે બોલે તે જુઠ્ઠુ ' ખાવામાં અને બોલવામાં સંયમ રાખવાથી ઘણા ફાયદા થાય છે.મનને લગામ લગાવવી જોઈએ. એની સાથે બધી જ ઈન્દ્રીયોને કાબુમાં રાખવા માટે સરળતા રહે છે. કોઈ પણ બેકાબુ હોય તો તે નુકશાન કરે છે.ઈન્દ્રીયોનુ પુર માણસને ખતમ કરી શકે છે.આત્મસંયમ માણસને ઉગારે છે.મનની શાંતિ એ બધાજ દુઃખોની દવા છે.જે વિદ્વાન છે, સમજુ છે, શાસ્રોન અભ્યાસ કરેલો છે,જે મનની ગતિવિધિઓ સમજી શક્યો છે. તેને શાંતિ સહેજ છે.જેનામાં સમજનો

અનુ. પાન નં. ૨ ઉપર



## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
| --- | --- |
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>**જીવન સાહિત્ય ભંડાર,**<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨<br>શ્રી હેલ્ફર્સ એલેન્દી,<br>વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧ | શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨<br>શ્રી પાઉલભાઈ એ. પરમાર,<br>૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨ |

## જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

**શ્રી પિયુષભાઈ એ. પટેલ,**
૧૦૬,સજની એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.